**તૈયાર અથાણાં મળતાં ઘરે અથાણાં બનાવવાના ક્રેઝમાં નોંધપાત્ર ઘટાડો**

# જિલ્લામાં અથાણા માટેની કેરીની માંગમાં ઉછાળો

**માવઠા પછી કીલોના ભાવમાં રુ ૩૦ થી ૫૦ સુધીનો વધારો**

બાયડ, તા.૬

શીતગાર ઉનાળામાં અથાણા માટેની કેરીની માંગમાં છેલ્લા એક સપ્તાહથી ઉછાળો આવ્યો છે. ખાસ કરીને રાજાપૂરી કેરી અથાણાં માટે ઉપયોગમાં લેવાય છે પરંતુ રાજ્યમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં માવઠાના કારણે ઉત્પાદનને અસર પહોંચતાં કેરીના ભાવમાં કિલો દીઠ રુ ૩૦ થી ૫૦ સુધીનો વધારો જોવા મળ્યો. રુ ૧૦૦ના ભાવે મળતી કેરી અત્યારે વધુમાં વધુ ૧૫૦ રુના ભાવે ૧ કિલોગ્રામ મળી રહી છે. રાજ્ય સરકાર દ્વારા અનેક ગૃહ ઉદ્યોગને પ્રોત્સાહ આપ્યા પછી કેરીનાં અથાણાં અગાઉના વર્ષોમાં ઘેર ઘેર બનાવવામાં આવતાં હતાં તે હવે ભૂતકાળ તરફ આગળ ધપી રહ્યાં છે. આજે પણ અનેક પરિવારો ઘરે અથાણું બનાવવાનો આગ્રહ રાખે છે અને દરેક ગામોમાં આવા પિરવારોની સંખ્યા માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેવી હોય છે.



સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વારંવારના કમોસમી માવઠાએ કેરીના રસનો સ્વાદ બેસ્વાદ કરી દીધો છે. પરંતુ અથાણાંની માંગમાં સતત વધારો જોવા મળ્યો છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, પ્રાંતિજ, વડાલી, ખેડબ્રહ્મા, મોડાસા, ભિલોડા, તલોદ, માલપુર, મેઘરજ સહિતના બજારોમાં અથાણા માટેની કેરીની માંગમાં વધારો જોવા મળ્યો. ખાસ કરીને સવારે ફળફળાદીના વેપારીના ત્યાં અથાણાની કેરીની માંગ જોવા મળી છે અનેક વિસ્તારોમાં અગાઉથી બુકીંગ લઈને અથાણા માટેની રાજાપૂરી કેરી વેપારીઓ દ્વારા મંગાવવામાં આવી રહી છે. અથાણાની સાથે અન્ય આચાર માટેની પણ અનેક પરિવારોના ત્યાં તૈયારીઓ ચાલતી હોવાનું જોવા મળી રહ્યું છે. એક રીતે મહિલાઓ ઉનાળુ વેકેશનનો સદુપયોગ કરતા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા.

**સરકારની કેબિનેટ બેઠકે સહાય ચૂકવવા માટે લીલીઝંડી આપી**

# સાબરકાંઠામાં કમોસમી માવઠાથી પાયમાલ ૧૯૪૪ ખેડૂતોને રુ ૧.૩૨ કરોડની સહાય ચૂકવાશે

**ડિઝાસ્ટરના ઠરાવ પ્રમાણે દરખાસ્ત, ખાસ કિસ્સામાં રાજ્યના બજેટમાંથી ટોપઅપ સહાયને લઈને સહાયની રકમ વધવાની સંભાવના**

બાયડ, તા.૭

રાજ્યમાં માર્ચ-૨૦૨૩માં ઉપરા છાપરી ૧ મહિના દરમ્યાન વરસેલાં ૪ કમોસમી માવઠાંથી ખેડૂતો પાયમાલ થયા પછી સરકાર દ્વારા ખેતી પાકના નુકસાનીના સર્વે માટે આદેશ થયા. સરકારમાં અસરગ્રસ્ત ખેડૂતો અને સહાયની રકમ અંગે ડિઝાસ્ટરના ઠરાવ પ્રમાણે સાબરકાંઠા ખેતી વિભાગ દ્વારા દરખાસ્ત કરાઈ છે જેમાં ૧૯૪૪ ખેડૂતોને રુ ૧,૩૨,૫૭,૦૦૦ની સહાય મળવાપાત્ર થશે પરંતુ સરકારની કેબિનેટ દ્વારા તેમાં પણ કેટલાક ફેરફાર કરાતાં સહાયની રકમ વધવાની સંભાવના છે. બીજી તરફ સરકાર દ્વારા રાહત પેકેજનો લાભ મેળવવા ખેડૂતોને નિયત નમૂનામાં અરજીપત્રક રજૂ કરવાનું જણાવતાં અસરગ્રસ્ત ન હોય તેવા ખેડૂતો પણ લાભ લઈ જાય તેવી દહેશત પ્રવર્તિ રહી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર માર્ચ મહિનાથી માવઠાનો રાઉન્ડ શરુ થયો છે જેના કારણે ચોમાસુ તેમજ ઉનાળુ પાકોને નુક્સાન થયું છે. સાબરકાંઠામાં તા.૪ માર્ચ થી ૨૯ માર્ચ દરમ્યાન વરસેલા માવઠાથી અનેક ખેડૂતો પાયમાલ થવાની સાથે ૫૨,૦૦૦



હેક્ટર ખેતી પાક અસરગ્રસ્ત થયો હતો. ખેતરોમાં જ્યાં નજર કરો ત્યાં માવઠાથી તબાહીના દ્રશ્યો સામે આવ્યા. ૮ તાલુકામાં સર્વે માટે ટીમો રવાના કરવામાં આવી અને ૩૩ ટકાથી વધુ ખેતી પાકને નુક્સાન થયું હોય તેનું અલગથી આંકલન કરી સરકારમાં સહાયપાત્ર ખેડૂતો અંગેનો રિપોર્ટ એપ્રિલ મહિનામાં મોકલવામાં આવ્યો હતો જેમાં સાબરકાંઠામાં ૯૭૪ હેક્ટર ખેતી પાક માવઠાથી ૩૩ટકા કરતાં વધુ અસરગ્રસ્ત થયો અને ૧૯૪૪ ખેડૂતોને સરકાર દ્વારા નિયત કરાયેલી પ્રતિહેક્ટરની સહાય માટે દરખાસ્ત મોકલવામાં આવી હતી. જ્યારે સરકારે ખેડૂતોને મદદરુપ થવા માટે એસ.ડી.આર.એફ. ધોરણો ઉપરાંત ખાસ કિસ્સામાં રાજ્ય બજેટમાંથી ટોપ-અપ સહાયદોમાં અત્યાર સુધીનો સૌથી વધુ વધારો કર્યાનું પણ જાણવા મળ્યું છે. ડિઝાસ્ટર વિભાગના ધારાધોરણ મુજબ પ્રતિહેક્ટર રુ ૧૩,૫૦૦ની સહાય મળતી હતી પરંતુ રાજ્ય ભંડોળમાંથી વધારાની રુ ૯૫૦૦ પ્રતિહેક્ટર સહાય જાહેર કરાતાં ખેડુતોને હવે રુ ૨૩,૦૦૦ની પ્રતિહેક્ટર દીઠ અને વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવવાનો નિર્ણય લેવાયા છે. જો કે આ સહાય ખેતી પાક માટેની છે પરંતુ બાગાયતી પાક માટે સહાયનો આંકડો હજુ બહાર આવ્યો નથી.

**કયા પાકને પ્રતિહેક્ટર ૨૩,૦૦૦ની સહાય**

કમોસમી માવઠામાં પાયમાલ ખેડૂતોને હેક્ટર દીઠ રુ ૧૩,૫૦૦ની સહાય ચૂકવવાનો મહેસૂલ વિભાગનો અગાઉનો ઠરાવ છે પરંતુ ગુજરાતની ડબલ એન્જીન ભાજપ સરકારે પાયમાલ ખેડૂતોના આંસુ લૂછવાના ઈરાદે એસ.ડી.આર.એફ.ના ધારાધોરણો ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી વધારાની સહાય સાથે કુલ રૂ ૨૩,૦૦૦ પ્રતિહેક્ટર ચૂકવવાનો નિર્ણય કર્યો છે અને તેમાં ઘઉં, ચણા, રાઈ, પપૈયાં, કેળાં જેવા ખેતી પાકોને આવરી લેવામાં આવ્યા છે. જ્યારે ૩૩ ટકાથી વધુ નુકસાનના કેસમાં આંબા, લીંબુ, જામફળ જેવા બાગાયતી પાકમાં પ્રતિહેક્ટર રુ ૧૮,૦૦૦ની સહાય નક્કી કરેલી છે તેમાં રાજ્ય ભંડોળમાંથી રુ ૧૨, ૬૦૦ની પ્રતિહેક્ટર વધારાની સહાય સાથે રુ ૩૦, ૬૦૦ પ્રતિહેક્ટર સહાય ચૂકવવાનો નિર્ણય લેવાયો છે.

**૩૩ ટકાથી વધુ અસરગ્રસ્ત ખેતી પાક**

| તાલુકો | અસરગ્રસ્ત વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| હિંમતનગર | ૧૪૫ |
| તલોદ | ૫૪ |
| ઈડર | ૭૩ |
| પ્રાંતિજ | ૧૧૦ |

**સાબરકાંઠા ખેતી વિભાગના અધિકારીઓએ મોબાઈલ ઉપાડવાનું ટાળ્યું**

સરકાર દ્વારા માવઠાથી પાયમાલ ખેડૂતોને ઉગારવા સહાય પેકેજ જાહેર કર્યું છે ત્યારે તે અંગેની વિગતો જાણવા માટે સાબરકાંઠા ખેતી વિભાગ તેમજ બાગાયત વિભાગના અધિકારીઓનો સંપર્ક કરવા છતાં તેઓએ મોબાઈલ ઉપાડવાનું ટાળ્યું હતું.

**૬૦ ટકા નુક્સાનનો કોઈ રિપોર્ટ નથી**

જિલ્લા ખેતી વિભાગ દ્વારા ગત એપ્રિલ-૨૦૨૩માં માવઠાથી નુક્સાન અંગેનો રિપોર્ટ વિભાગને મોકલવામાં આવ્યો છે જેમાં ૩૩ ટકા નુક્સાનવાળા ખેડૂતોને મળવાપાત્ર સહાય અંગેની દરખાસ્ત મોકલાઈ છે પરંતુ જિલ્લામાં માવઠાથી ૦ ટકાથી

# પાલનપુરના નવા બસ સ્ટેન્ડમાં ભીડનો લાભ ઉઠાવી ગઠિયો શિક્ષકનો મોબાઈલ ઉઠાવી ગયો

**નવા બસ સ્ટેન્ડ પર રાત્રે નાસ્તો કરવા આવેલ શિક્ષકના મોબાઈલની તસ્કરી : ૧૮ હજારના મોબાઈલ ની ચોરી અંગે ફરિયાદ દાખલ કરાઈ**

પાલનપુર તા.૭

પાલનપુરના નવા બસ સ્ટેન્ડ પર રાત્રે પરિવાર સાથે નાસ્તો કરવા આવેલ એક શિક્ષકનો મોબાઈલ કોઈ અજાણ્યો ગઠિયો ભીડનો લાભ ઉઠાવી તફડાવી ગયો હતો જોકે નાસ્તો કર્યા બાદ શિક્ષક ઘરે જતા તેમના મોબાઈલ ની ચોરી થઈ હોવાનું માલુમ પડતાં તેમને પોતાના મોબાઈલની ચોરી અંગે શહેર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરના સુખબાગ રોડ પર આવેલ ધન લક્ષ્મી સોસાયટીમાં રહેતા અને કચ્છ ના રાપર તાલુકાના મોડા ગામની પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા જીતેન્દ્રકુમાર પ્રેમશંકર ભટ્ટ હાલ ઉનાળુ વેકેશન ને લઈ પાલનપુર આવ્યા હોય તેઓ ગત.તા.૩૦ એપ્રિલની રાત્રે સાડા આઠ વાગ્યાના સમયે પોતાના પરિવાર સાથે નવા બસ સ્ટેન્ડ પર નાસ્તો કરવા ગયા હતા જ્યા ભીડનો લાભ ઉઠાવી કોઈ અજાણ્યો ગઠિયો શિક્ષકનાં ખિસ્સાં માં રહેલા રૂ.૧૮ હજારની કિંમતનો મોબાઈલ ચોરી કરી ગયો હતો જોકે બાદમાં શિક્ષક ઘરે જતા તેમના મોબાઈલની ચોરી થઈ હોવાનું માલુમ પડતાં તેમને મોબાઈલ ચોરી અંગે ફરિયાદ દાખલ કરાઈ છે જોકે નવા બસ સ્ટેન્ડ માં લોકોમાં. મોબાઈલ ચીજ વસ્તુ અને દર દાગીના ની ચોરી તેમજ ચિલ ઝડપ ના બનાવો વધી રહ્યા છે ત્યારે પોલીસ દ્વારા આવા ગઠીયા ઓ સામે લાલ આંખ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# પાલનપુર પાસે આવેલા બાદરપૂરા(ખો)ની સ્ટાર બેકરીમાંથી ૧૨૮૦ કિલો લાલ ચટણીનો જથ્થો સીઝ કરાયો

**વડાપાઉં, પફ અને દાબેલીના વપરાતી લાલ ચટણીના સેમ્પલ પરીક્ષણ અર્થે મોકલાયા : ફૂડ વિભાગનાં ઓચિંતા ચેકીંગમા મોટા પ્રમાણમાં શંકાસ્પદ ચટણીનો જથ્થો મળી આવ્યો**

પાલનપુર તા.૭

પાલનપુર તાલુકાના બાદરપુરા (ખોડલા) ગામે આવેલ એક બેકરીની દુકાનમાં ફૂડ વિભાગની ટીમ દ્વારા સર પ્રાઇઝ ચેકીંગ કરવામાં આવ્યું હતું . જેમાં આ પેઢીમાં ગુણવત્તાને લઈ શંકાસ્પદ જણાઇ આવેલ અને નિયમ મુજબની લેબલ ન ધરાવતા ૧૨૮૦ કિલો લાલ ચટણીનો પેકિંગ જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. અને આ ચટણીમાં સેમ્પલ લઈને તેને પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા હતા જોકે આ બેકરીમા સ્વચ્છતાનો અભાવ જોવા મળતા ફૂડ વિભાગ દ્વારા બેકરી માલિકને નોટિસ પણ ફટકારવામાં આવી હતી .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર - ડીસા હાઈવે પર આવેલ બાદરપૂરા (ખોડલા) ગામે આવેલી સ્ટાર બેકરી નામની દુકાન માંથી બ્રેડ, સોશ, નાસ્તા માં વપરાતી લાલ ચટણીનું જથ્થાબંધ માં વેચાણ કરવા માં આવી રહ્યું છે . જોકે આ બેકરીમાં જીલ્લા ફૂડ એન્ડ સેફટી વિભાગની ટીમો દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં વડાપાઉં, દાબેલી, પફ સહિતના નાસ્તામાં વપરાતી લાલ ચટણીના ઝાર પર નિયમ મુજબ લેબલ લાગેલ જોવાં ન મળતા અને આ ચટણી નો જથ્થો શંકાસ્પદ જણાઇ આવતા અંદાજે રૂ.૬૪ હજાર ની કિંમતનો ૧૨૮૦ કિલો લાલ ચટણીનો જથ્થાને સીજ કરવામાં આવ્યો હતો . અને આ શંકાસ્પદ ચટણી ના સેમ્પલ લઈ તેને પરીક્ષણ અર્થે લેબોરેટરી માં મોકલી આપવામાં આવ્યા હતા જોકે આ બેકરીની પેઢીમાં ગંદકી તેમજ ફૂડ સેફ્ટી ના નિયમોનું પાલન કરવા માં આવતું ન હોય ફૂડ વિભાગ દ્વારા બેકરીના માલિકને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ પણ આપવામાં આવી હતી . જોકે બેકરીના માલિક દ્વારા શંકાસ્પદ લાલ ચટણીનું સમગ્ર જિલ્લામાં વેચાણ કરવામાં આવતું હોય તેની ગુણવત્તાને લોકોમાં શંકા કુશંકા પ્રવર્તતા ફૂડ વિભાગ દ્વારા બાતમીને આધારે રેઈડ કર્તિ મોટા પ્રમાણ માં લાલ ચટણીનો જથ્થો સીઝ કરવામાં આવતા અન્ય બેકરીમાં માલિકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. લાલ ચટણીના ટેંગી અને સહારા બ્રાન્ડ ના ઝાર સીઝ કરાયા. બાદરપૂરા (ખો) ગામની સ્ટાર બેકરીમાં ફૂડ વિભાગ ની તપાસમાં અહી લાલ ચટણી ના ટેંગી અને સહારા બ્રાન્ડના પેકિંગ ઝાર પર નિયમ મુજબ કોઈ લેબલ લાગેલ ન હોય અને લાલ ચટણી શંકાસ્પદ જણાઈ આવતા ૬૪ હજાર ની કિંમત ની ૧૨૮૦ કિલો લાલ ચટણી નો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો.



# ધાનેરામાં મહર્ષિ નારદમુનિજી જયંતી નિમિત્તે ધાનેરાના પત્રકારોનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

ધાનેરા તા.૭

ધાનેરા ખાતે આજે મહર્ષિ નારદમુનીજી જન્મ જયંતી નિમિત્તે શિવકૃપા ડાઈનિગ હોલ ખાતે ધાનેરાના પત્રકારોના સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતું.આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, જેમાં મુખ્ય મહેમાનો તરીકે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાંથી કૈલાશભાઈ ત્રિવેદી જયેશભાઇ ત્રિવેદી રમેશભાઈ સોઢા તેમજ ધાનેરાના પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મહર્ષિ નારદમુનીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અને દીપ પ્રાગટય કરી કરવામાં આવી હતી અને ઉપસ્થિત મહેમાનો દ્વારા સ્વર્ગ લોકમાં નારદમુનિજીના કાર્યો અને તેમના વ્યક્તિત્વ વિશે વિસ્તૃત વાત કરવામાં આવી હતી . સાથે જ મોટી સંખ્યામાં ઉપસ્થિત ધાનેરાના તમામ પત્રકાર ભાઈઓ દ્વારા પણ પત્રકારત્વ બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી.



# ડીસામાં ૯ કેન્દ્રો ઉપર ચુસ્ત બંદોબસ્ત હેઠળ તલાટીની પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન

**પરીક્ષા કેન્દ્ર આગળ વાલીઓના ટોળેટોળા ઉમટ્યા**



ડીસા, તા. ૭

રાજ્યભરમાં આજે તલાટી સંવર્ગની પરીક્ષા માટે ડીસામાં પણ વિવિધ પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને પૂરતી ચકાસણી કરી પરીક્ષાર્થીઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા તલાટી સંવર્ગની પરીક્ષા માટે ડીસામાં પણ ૯ જેટલા કેન્દ્ર ફાળવવામાં આવ્યાં હતાં. જેમાં સાબરકાંઠા, મહેસાણા અને અમદાવાદ સહિત અનેક જિલ્લાના પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવા આવી પહોંચ્યા હતા. પરીક્ષા કેન્દ્ર સ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને પૂરતી ચકાસણી કરી પરીક્ષાર્થીઓને કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

ડીસાના પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થીઓને બહાર જ બુટ મોજા કઢાવી, મોબાઈલ ફોન તેમજ અન્ય કોઈપણ ચીજ વસ્તુ સાથે લઈ જવા દેવામાં આવી ન હતી. દૂર દૂરથી પરીક્ષાર્થીઓ આવેલા હોઈ સાથે આવેલા તેમના વાલીઓના પણ પરીક્ષા કેન્દ્રોની બહાર ટોળેટોળા જોવા મળ્યાં હતાં. પરીક્ષાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે તે માટે તંત્ર દ્વારા પૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ અંગે ડીસાની આદર્શ હાઈસ્કુલના શિક્ષક હરેશ પવાયાએ જણાવ્યું હતુ કે, તેમની શાળામાં પણ ૯૦૦ જેટલા પરીક્ષાર્થીઓ માટે કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે અને તમામ પરીક્ષાર્થીઓને ૧૦:૩૦ વાગ્યે પ્રવેશ અપાયો હતો. પોલીસ દ્વારા પૂરતી ચકાસણી કરી તમામ પરીક્ષાર્થીઓને પ્રવેશ અપાયો હતો.શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા સંપન્ન થતા તમામે હાશકારો અનુભવ્યો હતો.

# અરવલ્લી : બાયડના શ્રીજી દાદા કોમ્પ્લેક્ષ નજીક ઉભી મહાકાય લોંખડની સીડી ધરાશાયી થતા યુવક નીચે દટાયો

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં નાટકીય રીતે બદલાવ સતત જોવા મળી રહ્યો છે ગત રોજ અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા બાયડ માર્કેટયાર્ડ નજીક આવેલ શ્રીજી દાદા કોમ્પ્લેક્ષ નજીક મુકવામાં આવેલ મહાકાય લોંખડની સીડી ધરાશયી થઈ યુવક પર પડતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી કોમ્પલેક્ષમાં દુકાન ધરાવતા લોકો તાબડતોડ યુવકને સીડી નીચેથી કાઢી સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતા સીસીટીવી ફૂટેજ વાયુવેગે સોશ્યલ મીડિયામાં ફરતા થયા હતા

બાયડના માર્કેટયાર્ડ નજીક આવેલ શ્રીજી દાદા કોમ્પ્લેક્ષમાં બે કે ત્રણ દિવસ નજીક કોમ્પ્લેક્ષ નજીક મુકેલ લોંખડની મહાકાય સીડી ભારે પવનના કારણે પડતા કોમ્પ્લેક્ષમાં કારને પાર્કિંગ કરાવતા યુવક પર પડતા ભારે અફડાતફડી મચી હતી લોંખડની સીડી ધડામ લઈને જમીન પર પડતા કોમ્પ્લેક્ષમાં રહેલી દુકાનોમાંથી વેપારીઓ બહાર દોડી આવ્યા હતા અને સીડી નીચે દબાયેલ યુવકને બહાર કાઢી તાત્કાલીક સારવાર અર્થે ખસેડાયો હતો હાલ તો સમગ્ર મામલે અનેક તર્ક વિતર્ક થઇ રહ્યા છે જો કે આ અંગે પોલીસ ચોપડે કોઈ ફરિયાદ નોંધાઈ ન હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી



# જિલ્લામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૫ હજાર ઘરમાં યજ્ઞ યોજાયો



બાયડ, તા.૭

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા પુનમના દિવસે સવારથી ગૃહે ગૃહે યજ્ઞ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના ૧૪ તાલુકાના ૨૫ હજાર ઘરમાં યજ્ઞનું આયોજન થયું. ગાયત્રી પરિવાર-બાયડની ૮ શાખાઓ મારફતે પણ બાયડ-ધનસુરા તાલુકાના અનેક ગામોમાં ગાયત્રી પરિજનોના ત્યાં સવારે યજ્ઞ યોજાતાં યજ્ઞની આહૂતિથી અલૌકિક વાતાવરણ જોવા મળ્યું હતું. જ્યારે આગામી ૨ દિવસ પણ ગાયત્રી યજ્ઞનું આયોજન કરાયું છે. કોરોનાના કપરા કાળમાં શાંતિકુંજ હરિદ્વાર પ્રેરીત અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા ગત વર્ષે ગૃહે ગૃહે યજ્ઞ તેમજ દિપયજ્ઞનાં આયોજન થયાં હતાં. આ વર્ષે પણ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ગાયત્રી પરિજનો દ્વારા તા.૫ મે.ના રોજ ગૃહે ગૃહે યજ્ઞના આયોજનને સફળ બનાવવામાં આવ્યું હતું. બાયડ ગાયત્રી શક્તિપીઠની યજ્ઞશાળામાં પણ સવારે ગાયત્રી પરિજનો દ્વારા યજ્ઞ કરી સમગ્ર વિશ્વમાં શાંતિ જળવાઈ રહે, નકારાત્મક ઉર્જાનો નાશ થાય અને સકારાત્મક ઉર્જાનો વધુ વ્યાપ થાય તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ગાયત્રી શક્તિપીઠ-બાયડ ઉપરાંત ગાયત્રી ચેતના કેન્દ્ર-મોડાસા, ગાયત્રી શક્તિપીઠ-શામળાજી, ગાયત્રી મંદિર-ચોરીવાડ, ગાયત્રી મંદિર-હિંમતનગર સહિતના તાલુકાના અન્ય વિસ્તારોમાં પથરાયેલી શાખાઓ મારફતે પણ ગૃહે ગૃહે યજ્ઞનું આયોજન થયું જેમાં ૨૫ હજાર મકાનોમાં યજ્ઞનું આયોજન થયાનું જાણવા મળ્યું છે.

# મહેશ્વરી ક્રેકર્સ અગ્નિ કાંડ : દેવકીનંદન મહેશ્વરી ચાર શ્રમિકોના મોતને મામલે કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા

મોડાસા, તા. ૭

મોડાસા-હિંમતનગર રોડ પર લાલપુર કંપા નજીક આવેલી મહેશ્વરી ક્રેકર્સ ગોડાઉનમાં ભયાવહ વિસ્ફોટ પછી ભીષણ આગમાં ગોડાઉનમાં સેન્ટીંગનું કામકાજ કરી રહેલા ચાર શ્રમિકો ભડથું થતા ગોડાઉન માલિક મહાદેવ મહેશ્વરી અને દેવકીનંદન મહેશ્વરી સામે માનવવધ નો ગુન્હો દાખલ થતા બંને આરોપીઓ ભૂગર્ભમાં ઉતરી ગયા હતા ઘટનાના ૧૫ દિવસ પછી જીલ્લા એલસીબી પોલીસે દેવકીનંદન મહેશ્વરીને મોડાસામાં તેના ઘર નજીકથી ઝડપી પાડી નામદાર કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપીના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ કે.ડી.ગોહિલ અને તેમની ટીમે દેવકીનંદન મહેશ્વરીને ગુરુવારે મોડાસા શહેરના પાવનસીટી રોડ પર આવેલ તેના ઘરેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી શુક્રવારે આરોપીને કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે આરોપી દેવકીનંદન માહેશ્વરીના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા